**Annaxure-1**

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રની ચકાસણી માટે ઉમેદવારે વિગતો રજૂ કરવા અંગે ધ્યાને લેવાની સૂચનાઓ

૧. નિયત નમુનાના ફોર્મમાં વિગતો ભરી. સહી કરી તે ફોર્મ તેમાં સામેલ રાખવા જણાવેલ છે તેવા આધારોની સ્વપ્રમાણિત નકલો સહિત, જે ખાતાની જગ્યા માટે પસંદગી થયેલ હોય તે ખાતા મારફત રજુ કરવાનું રહેશે.

૨ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અંગેના જાતિ પ્રમાણપત્રની ચકાસણી માટે ઉમેદવારે રજુ કરવાપાત્ર આધાર- પુરાવા.

(૧) ઉમેદવારે મેળવેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર.

(૨) ઉમેદવારના ધો,અથવા ૧૦ અથવા ધો. ૧૨ ના શાળા છોડયાનું પ્રમાણપત્ર.

(૩) ઉમેદવારના પિતાશ્રીના શાળા છોડયાનું પ્રમાણપત્ર. (ઉમેદવારના પિતા અશિક્ષિત હોય તો તેમની જન્મ તારીખ, જન્મ સ્થળ અને જાતિ દર્શાવતા અન્ય પુરાવા રજુ કરવા અને તેની વિગતો ફોર્મના ક્રમ ૧૩ માં દર્શાવવી )

(૪) ઉમેદવારની સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ/પેટા જાતિ પુરવાર થતી હોય તેવા આધારો જેમકે કાકા/ ફોઇ/ દાદા/ પરદાદા જેવા પિતૃપક્ષના સંબંધીઓ પૈકી કોઇનું શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા જમીન, મકાન કે અન્ય સરકારી વ્યવહાર માટે કરેલ કાગળો કે જેમાં જાતિ, પેટા જાતિની નોંધ તા.૧/૪/૭૮ પહેલાંથી થયેલી હોય તેવા આધારો. **(આવા આધાર- પુરાવાની વિગત ફોર્મના ક્રમ ૧૩ માં દર્શાવવી )**

(૫) મૂળ ગુજરાત રાજયના વતની ન હોય તેવા અન્ય રાજયોમાંથી સ્થળાંતર થયેલા ઉમેદવારના કિસ્સામાં તેઓના પિતા/ દાદા, સીધી લીટીના વડવાઓ તા.૧/ ૪/ ૧૯૭૮ પહેલાથી ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ ધરાવે છે તે પુરવાર થાય તેવા રેશનકાર્ડ, મતદાર યાદી, નોકરી, ધંધા, વેરા, સ્થાવર મિલકતની ખરીદ-વેચાણ કે માલિકી અંગેના પુરાવા અથવા અન્ય સરકારી રેકર્ડ આધારીત પુરાવા. **(આવા આધાર- પુરાવાની વિગત ફોર્મના ક્રમ ૧૪(ડ)માં દર્શાવવી )**

(૬) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ પુરવાર થાય તેવા અગત્યના ProbativeValue ધરાવતા અન્ય જે કોઇ આધાર/ પુરાવા હોય તે.

(૭) જાતિના સમર્થનમાં પિતરાઇ ભાઇ/બહેન/ કાકા/ ફોઇ/ દાદા/ પરદાદાના પુરાવા રજુ કર્યા હોય તો તેમની સાથે ઉમેદવારનો પિતૃપક્ષે સંબંધ પુરવાર કરવા માટે પેઢીનામું અને તેના સમર્થનના આધારો. **(આવા આધાર- પુરાવાની વિગત ફોર્મના ક્રમ ૧૩ માં દર્શાવવી)**

૩. કોઇ કિસ્સામાં અસલ આધારો વેરીફીકેશન માટે રૂબરૂ રજૂ કરવા જણાવવામાં આવે તો નિયત તારીખ અને સમયે રૂબરૂ ઉપસ્થિત થવાનું રહેશે.

૪. ઉમેદવાર દ્વારા જે કોઇ આધાર-પુરાવા રજૂ કરવામાં આવે તેની પ્રાથમિક ચકાસણી થયા બાદ જરૂર જણાય તેવા કિસ્સામાં વધારાના આધાર-પુરાવા રજૂ કરવા સૂચવવામાં આવે તો ઉમેદવારે વધુ આધાર-પુરાવા (રૂબરૂ અથવા ટપાલ મારફત, જે રીતે જણાવવામાં આવે તે રીતે) રજૂ કરવાના રહેશે.

- - - - o - - - -